હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આ સરકારની અને મીડીયાની મીલીભગત છે... મંત્રીની સેક્સ સ્કેન્ડલની ૩૦ મિનિટની સીડી એમની પાસે છે... અને તમને માત્ર એક મિનિટનો ભાગ જ બતાવ્યો... હવે જો અમારી સરકારને તમે લાવશો તો પૂરેપુરી સીડી દર્શાવવાની જવાબદારી પાર્ટી વતી હું લઉં છું...!!

પાવન પર્યુષણ (પાંચમો દિવસ)

પ.પૂ.આચાર્ય ભગવન્તશ્રી નરરત્ન સૂરીશ્વરજી મ. સાહેબની અમૃતવાણી

જીનીયસ બાળક જન્મવાની ટીપ્સ આજે કલ્પસૂત્રોમાંથી સાંભળવા મળશે

આપણે ત્યાં હંમેશા એવું થાય છે કે કોઈ બહુ મોટા પ્રસંગની પાછળ નાના પ્રસંગની સ્મૃતિ વિશ્રય જાય છે પણ ઘણીવાર એ નાના પ્રસંગો એટલા બધા મહત્વના હોય છે કે આપણા આ જીવનને ખુબ જ ઉપયોગી થાય

પર્યુષણનો પાંચમા દિવસનો મુખ્ય પ્રસંગ ચૌદ સ્વપ્ન દર્શન અને ભગવાન મહાવીરના જન્મ વાંચનનો છે. ભગવાન મહાવીર સ્વામીના જન્મ થયો એમ કલ્પસુત્રમાં પાઠ આવે તેવું વાંચન ગુરૂવંત કરે ત્યારે ઉપસ્થિત હજારો જૈનો શ્રીફળ વધેરીને પોતાનો આનંદ વ્યક્ત કરે છે. આ શ્રીફળ વધેરવા પાછળ પણ રિઝન છે કે આ દ્વારા જૈન વ્યક્તિએ ભાવ સુચિત કરે છે. ભગવાન આજે તારા નામ પર શ્રીફળ વધેર્યુ એમ કાલે મારૂ મસ્તક પણ વધેરવા તૈયાર રહીશ. સમગ્ર ભારમતાં તમામ જૈન સંઘોમાં આજના દિવસે ચિક્કાર ભીડ હોય છે. આજના આ મહાવીર જન્મના વાંચનને કોઈ વ્યક્તિ છોડતો નથી પણ આપણી રીતભાત એ હતી કે આ બધુ તો બપોરના સમયે થાય છે. આજના દિવસે સવારના પ્રવચનમાં ખુબ જ મહત્વની વાત એ આવે છે કે ભગવાન મહાવીરના માતા ત્રિશલાદેવીએ પોતાના બાળક મહાવીરને ગર્ભમાં કેવી રીતે જાળવ્યો, કેવી રીતે જતન કર્યુ, એક વાત સમજવા જેવી છે કે ગર્ભમાં બાળક પર જેવી સંસ્કારની છાપ પડે છે એવો જ બાળક તૈયાર થાય છે. જે માતા બાળક ગર્ભમાં હોય ત્યારે અશ્લિલ દ્રશ્યો જોઈ જોઈને મર્યાદા બહાર પગ મુકે છે તેના બાળક સજ્જન બને જ કેવી રીતે ?

આ સિવાય ગર્ભાવસ્થામાં માતાએ કેવું ખાવું, કેવું જોવું, કેટલુ ચાલવુ, વિગેરે બાબતો પણ આ પ્રવચનમાં જણાવાય છે. આ રીતે ગર્ભાવસ્થામાં જીવન જીવનારી માતા જીનીયસ બાળકની માતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. આ ઉપરાંત એક સરસ વાત આ પ્રવચનમાં આવે છે કે ભગવાન મહાવીર સ્વામીની માતા ત્રિશલાદેવીને તેમના કુળની વૃદ્ધ સ્ત્રીઓ ગર્ભાવસ્થામાં કેવી રીતે રહેવાનું એ સંબંધી સુચનાઓ આપે છે. સમજી શકાય એવી વાત છે કે ત્રિશલામાતા સાંભળતા અને સ્વીકારતા હશે તો જ આવી સારી સુચનાઓ તેઓ આપતા હશે. અર્થાત વૃદ્ધની વાત માનવીએ આપણી ઉજ્જવળ કારકિર્દી માટે જરૂરી બાબત છે. સવિશેષ આ વર્ષે પાલીતણામાં થયેલા શ્રમણ સંમેલનના ઠરાવ મુજબ આ વર્ષે ચૌદ સ્વપ્નની જેમ અષ્ટમંગળના પણ દર્શન કરાવવાનો પ્રારંભ કરવામાં આવશે.

વાયબ્રન્ટ ગુજરાત-એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ સેમિનારનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલે શુક્રવાર તા. ૨ સપ્ટેમ્બર સવારે ૯.૩૦ કલાકે મહાત્મા મંદિરમાં આયોજિત વાયબ્રન્ટ ગુજરાત-એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ સેમિનારમાં અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેશે.

રાજ્ય સરકારના કૃષિ-સહકાર વિભાગ દ્વારા યોજાઈ રહેલા આ સેમિનારનું ઉદ્‌ઘાટન કૃષિ કલ્યાણ અને પંચાયતી રાજ વિભાગના કેન્દ્રીય રાજ્યમંત્રી પરસોત્તમભાઈ રૂપાલા કરવાના છે. 'ગ્રોથ ઓર્પોચ્યુનિટીઝ થ્રુ સસ્ટેઈનેબલ એગ્રીકલ્ચર એન્ડ ફૂડ પ્રોસેસિંગ' વિષયક આ સેમિનારમાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ મુખ્ય મહેમાન પદે તથા મંત્રીઓ સર્વ ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ચીમનભાઈ શાપરીયા, બાબુભાઈ બોખિરીયા અને વલ્લભભાઈ વઘાસીયા પણ ઉપસ્થિત રહેવાના છે.

આજે શહેર કોંગ્રેસની કારોબારી બેઠક મળશે

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિની આજે કારોબારી સમિતિની વિસ્તૃત બેઠક બપોરે ૩ વાગે સે. ૩-ડી રામજી મંદિર ખાતે મળશે તેમ શહેર કોંગ્રેસની એક અખબારી યાદીમાં જણાવાયું છે. પ્રદેશ નીરીક્ષકોની હાજરીમાં મળનાર આ બેઠકમાં પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ આપવા ઉપરાંત વિકાસકાર્યો માટે ગ્રાન્ટની ફાળવણી અંગેની સમીક્ષા, બુથ સમિતિઓની રચના પૂર્ણ કરવા, પક્ષના આગામી કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં પૂર્વધારાસભ્યો, પૂર્વ શહેર જિલ્લા પ્રમુખો, ઝોન પ્રમુખો, વિવિધ સેલના ચેરમેનો, સંગઠનના તમામ હોદ્દેદારો, કાઉન્સીલરો, યુથકોંગ્રેસ તેમજ સાથી સંગઠનોના હોદ્દેદારો, વોર્ડપ્રમુખો, સેક્ટરના પ્રમુખો હાજરી આપશે.

જાહેર નિવિદા

આ કચેરી દ્વારા વર્ષ - ૨૦૧૬-૧૭ દરમિયાન કચેરીની રોજબરોજની સરકારી કામગીરીમાં ઉપયોગાર્થે ભાડે વાહન મેળવવા માટે વાર્ષિક ઈજારો આપવા સરકારશ્રીના ખરીદીના પ્રવર્તમાન નિયમોને આધિન રસ ધરાવતા માન્ય સ્થાનિક વેપારી / કોન્ટ્રાક્ટર પાસેથી નિયત નમુનાના ટેન્ડરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ અત્રેની તા. ૬/૯/૨૦૧૬ થી ૧૩/૯/૨૦૧૬ના રોજ કચેરી સમય દરમિયાન કામકાજના ચાલુ દિવસોમાં મળી રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ આર.પી.એ.ડી.થી તા. ૧૫/૯/૨૦૧૬ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં આ કચેરીને મળી રહે તે રીતે મોકલી આપવાના રહેશે.

પ્રિન્સીપાલ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ગાંધીનગર

માહિતી/૧૩૯૦/૧૬-૧૭

શહેરમાં સેવા કેન્દ્રો કાર્યરત કરવાની તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા.૧

બોલ મારી અંબે જય જય અંબેના નાદ થી હવે ગાંધીનગર ગુંજી ઉઠશે. અંબાજી પગપાળા જતા ભકતો લાખોની સંખ્યામાં નગરના માર્ગો પરથી પસાર થાય છે. શહેરના સેવાભાવી નાગરીકો દ્વારા વિવિધ સ્થળો પર સેવાકેન્દ્રો શરુ કરવામાં આવે છે. જેમાં સેવાકેન્દ્રો પર ભકતો માટે ચા-પાણી, નાસ્તો, જમવાનું સહિત આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડે છે. ત્યારે ભાદરવા મહિનાના પ્રારંભથી જ શહેરમાંથી શ્રધ્ધાળુઓ પસાર થતા નજરે પડે છે. શહેરમાં સેવાભાવી નાગરીકો દ્વારા સેવાકેન્દ્ર કાર્યરત કરવા માટેની તડામાર તૈયારીઓ આરંભી દીધી છે. નજીકના દિવસોમાં જ શહેરના સેવાકેન્દ્રો જયઅંબેના જયઘોષથી ગુંજી ઉઠશે.

ગાંધીનગર શહેરના માર્ગો હવે જયઅંબેના નારાથી ગુંજી ઉઠશે. અંબાજી ખાતે ભાદરવી પૂનમનો અનેરો મહિમા છે. સમગ્ર રાજયમાંથી અંદાજે ૨૦ લાખથી વધુ ભાવિકો દર્શનનો લાભ લે છે.ત્યારે પગપાળા જતા ભાવિકોની સંખ્યા સૌથી વિશેષ હોય છે. માતાજીના આશિર્વાદથી નાના બાળક થી લઈ અબાલ વૃધ્ધ સૌ કોઈ માત્ર ગણતરીના દિવસોમાં કલાકો સુધી ચાલીને યાત્રા પરીપૂર્ણ કરે છે. સેવાભાવી નાગરીકો દ્વારા અંબાજી જતા ભાવિકો માટે ઠેરઠેર સેવા કેન્દ્રો કાર્યરત કરવામા આવે છે. જેમાં સુકો નાસ્તો, ભોજન, ફળફળાદિ, લીંબુ પાણી, ચા, કોલ્ડીંક્સ, આરામ કરવાની તેમજ આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવામાં આવે છે. શહેરના વિવિધ માર્ગો પર ભકતો તેમજ સામાજીક સંસ્થાઓ દ્વારા સેવાકેન્દ્રો શરુ કરવામાં આવે છે. શહેરમાં ત્રીજ થી લઈને તેરસ સુધી સેવાકેન્દ્રો રાત દિવસ ધમધમતા હોય છે. શહેરના માર્ગો પર સેવાકેન્દ્રો માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે ભકતો માટે ગણતરીના કલોકોમાં જ સેવાકેન્દ્રો કાર્યરત થઈ જશે.

આજે ગાંધીનગરમાંથી લાલ ડંડાવાળો સંઘ પસાર થશે

સમગ્ર રાજયમાંથી અંબાજી શકિતપીઠ ખાતે ભાદરવી પૂનમે પગપાળા લાખો ભકતો જાય છે ત્યારે અમદાવાદ શહેરમાંથી પણ વર્ષોથી લાલ ડંડાવાળો સંઘ નીકળે છે. આ સંઘમાં મોટીસંખ્યામાં ભકતો હોય છે તમામ ભકતો ધાર્મિક પહેરવેશમાં દ્રશ્યમાન થાય છે. તા. ૨જી સપ્ટેમ્બરના રોજ અમદાવાદથી પ્રસ્થાન થતો સંઘ ઉવારસદ, વાવોલના માર્ગે ચાલીને ક માર્ગ પરથી પસાર થશે. આ સંઘ દ્વારા ભાદરવી પૂનમે સૌ પ્રથમ ધજા ચડાવવામાં આવે છે. અંબાજી જતા ભકતોનું ઘોડાપુર શહેરમાંથી પસાર થશે. શહેરના માર્ગો જય અંબેના નારાથી ગુંજી ઉઠશે.

શાળાકીય એથ્લેટીકસ સ્પર્ધામાં એસએસવી કેમ્પસ, સેકટર-૩ના વિદ્યાર્થીઓએ ભાગ લઈ શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. શાળાની અનુ પટેલે ૪૦૦ મી. દોડમાં પ્રથમ ક્રમાંક મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ એથ્લેટીકસ સ્પર્ધામાં વિજેતા થનાર અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

રેન્જ આઈજીપી ઓફીસ સે-૨૭માં શિફટ થશે

હાલ સે-૩૦ સરકારી કવાટર્સમાં કાર્યરત કચેરીનું નવું બિલ્ડીંગ તૈયાર : ફર્નીચર કામ ચાલુ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર રેન્જ આઈજીપીની કચેરી સેકટર-૩૦ ખાતે સરકારી કવાટર્સમાં હાલ કાર્યરત છે. સે-૨૭ ડીએસપી કચેરી ખાતે રેન્જ આઈજીપીની સુવિધાસભર કચેરી બનાવવા વર્ક ટેન્ડર અપાઈ ગયા બાદ નવું બિલ્ડીંગ તૈયાર પણ થઈ ગયુ છે. બે થી ત્રણ માસમાં આ નવા બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવે અને કચેરી શિફટ થાય તેવી શકયતા છે. હાલ આ નવા બિલ્ડીંગમાં ફર્નીચરનું કામ ચાલી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે.

ગાંધીનગર રેન્જ આઈજીપીની કચેરી સેકટર-૩૦ ખાતે સરકારી કવાટર્સમાં હાલ કાર્યરત છે. સુવિધાયુકત કચેરી બનાવવાની કાર્યવાહી શરૂ થઈ ગયા બાદ ગુજરાત પોલીસ હાઉસિંગ કોર્પોરેશન મારફતે નવી બિલ્ડીંગ બનાવવાની કામગીરી શરુ કરી દેવાઈ હતી. મંજુર થયેલી જગ્યા સે-૨૭ ડીએસપી કચેરીની બાજુમાં આ નવું બિલ્ડીંગ તૈયાર થઈ ગયું છે. અંદાજે સાડા આઠ કરોડના ખર્ચે તૈયાર થયેલા આ બિલ્ડીંગનું બે થી ત્રણ મહિનામાં લોકાર્પણ કરી દેવાય તેવી શકયતા છે. હાલ આ બિલ્ડીંગમાં જરુરી ફર્નીચરને લગતું કામકાજ ચાલી રહ્યું છે. બિલ્ડીંગ સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગયા બાદ લોકાર્પણ વિધી કરી રેન્જ આઈજીપી કચેરીને સે-૩૦માંથી નવા સુવિધાયુકત બિલ્ડીંગમાં શિફટ કરી દેવામાં આવશે.

ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગરમાં આવેલ તકેદારી આયોગની કચેરીમાં યોજાયેલ ૧૫મી ઓગષ્ટના ધ્વજવંદન કાર્યક્રમમાં હાજરી નહિ આપનાર કર્મચારીઓને નોટીસ આપી ખુલાસા પુછવામાં આવતાં કર્મચારીઆલમમાં ગણગણાટ શરૂ થયો છે.
- સાતમા પગારપંચની સમગ્ર કાર્યવાહી કરનાર કચેરીઓના નવા પગાર બેંકમાં જમા થઈ ગયા છે પણ ૩૦ ટકા કચેરીઓમાં આ અંગેની ગણતરી અને આનુસંગિક બાબતો અધુરી રહેતાં જુનો પગાર જમા થયો છે.
- ગાંધીનગરની જાણીતી મહા વિદ્યાલય ઉમા બા નાથીબા કોલેજના અધ્યાપક પાર્થ જોશીને રખડતા પશુઓને લઈ અકસ્માત થતા બે ફ્રેક્ચર થયા છે અને તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રાંગણમાં જુની ગાડીઓને દૂર કરી ઘાસચારા સહિતની સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી છે.
- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની વિવિધ યોજનાઓમાં કામ કરતા શ્રમિકોના આધારકાર્ડના લીડીંગ માટે આજે તાલુકા વિકાસ અધિકારીઓની બેઠક યોજવામાં આવી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા પણ ભાદરવી પૂનમના મેળામાં ભાગ લેવા જતા પદયાત્રીઓ માટે આરોગ્યની સેવાઓ અંગેના સેવા કેમ્પ શરૂ કરવામાં આવનાર છે.
- ગુજરાત આયુર્વેદ યુનિ.ના ઉપકુલપતિ પદે સંજય ઓઝાની નિમણુંક રાજ્ય સરકારે કરી છે.
- રાજ્ય સરકારના મંત્રી દિલીપ ઠાકોર યાત્રાધામ અંબાજીના દર્શને પહોંચ્યા છે.

એલ.આઈ.સી. દ્વારા ૬૧માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે વીમા સપ્તાહની ઉજવણી

વર્ષના અંતે દાવાઓ અન્વયે ૭૫૦.૧૯ કરોડની ચુકવણી

ગાંધીનગર તા ૧

એલ આઈ સી દ્વારા ૬૧ માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ગાંધીનગર ડિવિઝનલ કચેરી કક્ષાએ વિવિધ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. વર્ષ ૨૦૧૫-૧૬ ના અંતે ગાંધીનગર વિભાગે જુથ વીમા યોજના ક્ષેત્રે કુલ ૧૧૨.૮૩ કરોડની આવક મેળવી છે.

ગાંધીનગર ડિવિઝનલ કચેરીના વરિષ્ઠ પ્રબંધક મંડલ સનોજ કુમારે આ અંગે જણાંવ્યુ હતુ કે એલ આઈ સીને ૬૦ વર્ષ પુર્ણ થતા દેશમાં વીમા સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે.ગાંધીનગર વિભાગ દ્વારા પણ આ તબક્કે કર્મચારીના બાળકો માટે ચિત્ર સ્પર્ધા નિઃ શુલ્ક રકતનિદાન કેમ્પ ,વૃક્ષારોપણ,વાહનરેલી તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે.ગાંધીનગર વિભાગે વર્ષ ૨૦૧૫-૧૬ ના અંતે જુથ વીમા યાજના અન્વયે રૂ૧૧૨.૮૩ કરોડની આવક કરી છે. જયારે સામાજિક સુરક્ષા અન્વયે ૩૭૬૭ દાવાની ચુકવણી કરવામાં આવી છે.આમ આદમી વીમા યોજના તેમજ શિષ્યવૃતિ અને દાવાઓની ચુકવણી પણ કરવામાં આવી છે. આ દાવાઓ પેટે કુલ ૨૦.૭૫ કરોડની ચુકવણી કરવામાં આવી છે.વર્ષ ૨૦૧૫-૧૬ ના અંતે કુલ ૧૯૦૭૦૮ દાવા હેઠળ કુલ રૂ ૭૫૦.૧૯ કરોડની ચુકવણી કરવામાં આવી છે. જયારે ગોલ્ડન જયુબિલી ફાઉન્ડેશન દ્વારા ૨૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ એનાયત કરવામાં આવી છે. સેવાકીય સંસ્થાઓને સ્કુલ બસ ,એમ્બયુલન્સ વાન તેમજ લેપ્રોસ્કોપી મશીન પણ આપવામાં આવ્યુ છે. વીમા સપ્તાહની ઉજવણી અન્વયે પણ વિવિધ કાર્યક્રમો યાજવામાં આવશે.

જીરો બજેટ આધ્યાત્મિક ખેતી મહાશિબિરનું સમાપન

ગાંધીનગર, તા. ૧

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ અને કૃષિ વિભાગ ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ પાંચ દિવસીય જીરો બજેટ આધ્યાત્મિક મહાશિબીરનું સમાપન થયું છે. છેલ્લા દિવસે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ ઉપસ્થિત રહ્યા હતા અને આ કૃષિ-ઋષિ સંસ્કૃતિ આધારીત ખેતીના નવા મોડેલને બિરદાવીને આગામી સમયમાં સંગઠન સાથે બેઠકો કરીને આ દિશામાં સંયુક્ત પ્રયાસો કરી આયોજન કરવા ખાતરી આપી હતી.

રાજ્ય સરકારની માત્ર ૧ ટકા લોનથી કૃષિ ધિરાણ/પાક વિમા યોજના તેમજ વડાપ્રધાન દ્વારા સૌરાષ્ટ્રની જલ આપૂર્તિ માટેની મહત્વાકાંક્ષી યોજનાનું લોકાર્પણ કર્યાની પણ વાત કરીને હવે ગુજરાત વધુ સારી રીતે ખેતી ક્ષેત્રે વિકાસ કરી શકશે તેમ જણાવ્યું હતુ. ૪ લીંક યોજનાઓ દ્વારા સૌરાષ્ટ્રને નવ પલ્લવિત કરવાનો પ્રયાસ છે. મુખ્યમંત્રીએ પદ્મશ્રી સુભાષ પાલેકરજીનું ગુજરાત સરકાર વતીથી સરદાર સાહેબની પ્રતિમા (મોમેન્ટો)થી સન્માન કર્યુ હતુ. મગનભાઈ પટેલ, પ્રદેશ પ્રમુખ દ્વારા બલરામજીની છબી આપીને સન્માન કરવામાં આવેલ.

સુભાષ પાલેકરજીએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને તથા વલ્લભભાઈ વઘાસીયાને અને પ્રદેશ અધ્યક્ષ મગનભાઈ પટેલને પોતે લિખીત જીરો બજેટ આધ્યાત્મિક ખેતીના હિન્દી પુસ્તકોનો સેટ આપ્યો હતો.

ગાંધીનગરના ડૉલ આર્ટિસ્ટ ગૂજરાત વિદ્યાપીઠના અભ્યાસનું માધ્યમ બન્યા

ગૂજરાત વિદ્યાપીઠના ત્રણ વિદ્યાર્થીઓએ ડોલ આર્ટિસ્ટ રંજનબેન ભટ્ટ તથા હરિન ભટ્ટની સમગ્ર દિનચર્યાનું ચિત્રાંકન કર્યું

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના કલાશ્રી ફાઉન્ડેશનના પ્રણેતા રંજનબેન ભટ્ટ તથા તેમના પુત્ર સ્કલ્પચર આર્ટિસ્ટ હરિન ભટ્ટની કલા હવે વિવિધ વિદ્યાશાખામાં અભ્યાસનો વિષય બનવા પામી છે. તાજેતરમાં ગૂજરાત વિદ્યાપીઠના ઓડિયો-વિઝ્યુઅલ વિભાગના વિદ્યાર્થીઓએ ગાંધીનગરની આ બંને પ્રતિભાનું એક આખા દિવસની દિનચર્યાનું ચિત્રાંકન કરી તેમની પ્રવૃત્તિ અંગે અભ્યાસ હાથ ધર્યો હતો. આ ચિત્રાંકન દરમ્યાન ત્રણેય વિદ્યાર્થીઓ અત્યંત પ્રભાવિત થયા હતા.

ગૂજરાત વિદ્યાપીઠના ઓડિયો-વિજ્યુઅલ ડિપાર્ટમેન્ટના ત્રણ વિદ્યાર્થી દ્રોણિક શ્રીમાળી, કોમલ ભટ્ટ અને વિધી ભાવસારે અજોડ પ્રતિભા ધરાવતા સર્જનાત્મક કલાકારોની રોજીંદી દિનચર્યા પર અયાસ કરવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત તેમણે ગાંધીનગરના સોફ્ટ ડૉલના સર્જકો રંજનબેન ભટ્ટ તથા હરિન ભટ્ટ સાથે એક આખો દિવસ વિતાવ્યો હતો. આ દરમ્યાન તેમણે બંને સર્જકોની વહેલી સવારથી મોડી સાંજ સુધીની તમામ દિનચર્યાની સંપૂર્ણ ક્રિયાઓ નિહાળી તેનું ચિત્રાંકન પણ કર્યું હતું તથા આ દરમ્યાન તેમણે હરિન ભટ્ટ પાસેથી તેમની કલા અંગે જ્ઞાન પણ પ્રાપ્ત કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે મુળ સુરેન્દ્રનગર-ઝાલાવાડ પંથકના હરિનભાઈ છેલ્લા ૩૬ વર્ષથી ગાંધીનગરમાં સોફ્ટ ડૉલ મેકીંગ કલા સાથે સંકળાયેલા છે. પોતાની મૌલિકતાથી ખાસ પ્રકારની ડૉલ્સનું સર્જન કરવા સાથે તેમણે સ્કલ્પચર, ડિઝાઈનીંગ, હેન્ડી ક્રાફ્ટ્સ તથા કાર્ટુનિષ્ટ તરીકેની બહુમુખી પ્રતિભા વિકસાવી છે. આજે હરિનભાઈ ભટ્ટ ગાંધીનગરમાં રહીને કોઈપણ પ્રકારની દુકાન કે શો રૉમ રાખ્યા વગર વિશ્વના ૧૮ દેશોમાં પોતાની કલાનો કારોબાર કરી રહ્યાં છે. પોતાના વર્કશોપમાં તેઓ ૨૦ જેટલા કસબીઓ સાથે બે શિફ્ટમાં કામ કરી આ પ્રવૃત્તિને આગળ ધપાવી રહ્યા છે. મૂળ સાયન્સના વિદ્યાર્થી હોવા છતાં કલાક્ષેત્રે પ્રવેશી ૨૦થી વધારે પ્રકારની ડૉલ મેકીંગ આર્ટના નિષ્ણાંત બન્યા છે. તેઓએ સામાન્ય ડૉલ મેકીંગ ઉપરાંત ખાસ પ્રકારની કાયનેટીક આર્ટ તથા ડાન્સીગ ડૉલ્સનું પણ સર્જન કર્યું છે. તેમજ માત્ર ગુજરાત જ નહી પરંતુ ભારતભરમાં બીગેસ્ટ ડૉલ કેટેગરીમાં પાંચ ફૂટની હાઈટની ખાસ ડૉલ બનાવી રેકોર્ડ પણ સર્જ્યો છે.